## જન્મદિને વધામણી



**ચિત્રસેન શાહ**
હાસ્ય લેખક
મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧



**હસમુખ મેકવાન**
નાટ્યકાર
મો. ૯૪૨૬૫ ૭૮૩૨૬



**વિશ્રમ ધવલ દવે**
મો. ૯૯૭૯૦ ૩૪૨૩૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

# ઈન્ફોસિટી સ્કૂલ દ્વારા વિદ્યાર્થી સન્માન



ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજમાં અભ્યાસ કરતા ધોરણ-૬થી ૯ના અંગ્રેજી, ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા અને વર્ષ દરમિયાન ઈતર પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રોથી નવાજવામાં આવ્યા હતા. રંગોળી, દિયા મેકિંગ, દિવાળી કાડ્ર્સ, ફ્લેગ મૅકિંગ અને સ્પૉટ્ર્સ ડેમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો સ્કૂલ તરફથી એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત દરેક વર્ગમાં ડિસીપ્લીન, સંપૂર્ણ હાજરી, ઑલ રાઉન્ડરને સર્ટીફિકેટ અને બેસ્ટ ક્લાસને ટ્રૉફીથી નવાજવામાં આવ્યા હતા. ટૅ-ક્વોન-ડો કરાટે ચૅમ્પિયનશીપમાં પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને મૅડલ એનાયત કરવામાં આવ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમ ગુજરાતી માધ્યમનાં પ્રિન્સિપાલ પ્રવિણાબેન, અંગ્રેજી માધ્યમનાં સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ સફળ રહ્યો હતો. શાળાના મૅનેજિંગ ટ્રસ્ટી દલસાણિયા સર અને પ્રમુખ વૈષ્ણવ સરે પ્રમાણપત્ર, ઈનામ પ્રાપ્ત કરનાર દરેક વિદ્યાર્થીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## રાજભવન ખાતે મધુમેહ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭
રાજભવન ખાતે તાજેતરમાં મધુમેહ રોગ અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલીએ જણાવ્યું હતું કે મધુમેહ એક એવો રોગ છે જે રોગીના શરીરના વિભિન્ન અંગો પર અસર કરે છે. આ રોગ અંગે સમાજમાં જાગૃતિ લાવવાના સંનિષ્ઠ પ્રયાસો આવશ્યક છે. વિશેષ કરીને મધુમેહ રોગ અંગેની જાણકારી વિદ્યાર્થીઓ અને યુવાનોને મળે તે માટેના પ્રયાસો તમામ સ્તરેથી થવા જોઈએ.

તેમણે જણાવ્યું હતું કે મધુમેહ રોગ આપણી વર્તમાન જીવનશૈલીની દેન છે. આજના યુગમાં તનાવભરી અને વ્યાયામરહિત જીવનશૈલી મધુમેહ રોગને આમંત્રણ આપે છે. મધુમેહ રોગની ચિકિત્સા આયુર્વેદમાં પણ વિસ્તારથી દર્શાવવામાં આવી છે. યૌગ, જીવનશૈલીમાં બદલાવ, શાળાના પાઠ્યક્રમમાં આ રોગ વિશેની જાણકારી તથા જનજાગૃતિ અભિયાનથી મધુમેહ રોગને સમાજજીવનથી દૂર રાખી શકાશે.

પ્રારંભમા મધુમેહ વિશેષજ્ઞ ડૉ. બંસી સાહૂએ મધુમેહ રોગ નિદાન, નિયંત્રણ અને રોગ ન થાય તે માટેનાં પગલાં વિશે ઉપયોગી અને રસપ્રદ માહિતી આપીહ તી.

આ કાર્યક્રમમાં ડૉ. સ્મિતાબેન શાહ સહિત વરિષ્ઠ ચિકિત્સકોએ ઉપસ્થિત રહી ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

### સૅક્ટર-૨૨ના શાક માર્કેટમાં

## લાયોનેસ ક્લબ દ્વારા ગરમીમાં રાહત આપતી છત્રીનું વિતરણ કરાયું



ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા પંચદેવ મંદિર, સૅક્ટર-૨૨ની પાછળ ભરાતા શાક માર્કેટમાં છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાકભાજીના વેપારીઓ, ફેરિયા તથા નાના કારીગરોને ઉનાળાની ગરમીમાં તડકાથી રાહત મળે તે હેતુસર આ છત્રીઓનું વિતરણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું. પચીસ જેટલી છત્રીઓ સંસ્થાએ જરૂરિયાતમંદોને અર્પણ કરી હતી. આ પ્રસંગે પ્રમુખ દેવલબેન જોષી, સૅક્રેટરી મિતલ રાણા, એરિયા કો-ચૅરપર્સન વૈશાલીબેન જોષી અને ક્લબનાં સભ્ય બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## માનસિક વિશિષ્ટ બાળકોના વાલીઓ માટે અડાલજ ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



### વિશિષ્ટ બાળકોને કઈ-કઈ તાલીમ આપી શકાય, તેમને કયા કયા સરકારી લાભ મળે છે વગેરે ઉપયોગી માહિતી વાલીઓને આપવામાં આવી

ગાંધીનગર, તા. ૧૭
ત્રિમંદિર, અડાલજ ખાતે કાર્યરત માનસિક વિશિષ્ટ બાળકોના વાલીઓની બનેલી સંસ્થા અંબા ઍન્જલ્સ દ્વારા માનસિક વિશિષ્ટ વ્યક્તિઓના વાલીઓ માટે એક જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અડાલજના વાલીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

વિશિષ્ટ બાળકોને કઈ-કઈ તાલીમ આપી શકાય, કેવી રીતે આ તાલીમ આપવી જોઈએ, તેમને બહાર લોકો સાથે કેવી રીતે હળવામળવા દેવા જોઈએ, તેમને કયા કયા સરકારી લાભ મળે છે વગેરે જેવી ઉપયોગી માહિતી આ વાલીઓને આપવામાં આવી હતી.

આ પ્રસંગે વાલીઓને વિવિધ બાબતો અંગે ઉપયોગી માહિતી આપવા માટે અમદાવાદ પૅરેન્ટ્સ ઍસોસિએશનના નંદકિશોર ત્રિવેદી, ગાંધીનગરના વિશિષ્ટ પ્રશિક્ષક જિજ્ઞેશ રાવલ અને ગાંધીનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીનાં જાગૃતિ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે વિશિષ્ટ વ્યક્તિઓ સંબંધી જરૂરી માહિતી વાલીઓને આપી હતી અને તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પાઠવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન અંબા ઍન્જલ્સનાં બીનાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ આયોજન માટે અડાલજ યુવક મંડળના ભાવેશ પટેલનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો હતો.

## ડાયરેક્ટ ❤ સે

હસીનેય જીવવાનું છે
અને
રડીનેય જીવવાનું છે
તો પછી
હસતાં-હસતાં
કેમ ન જીવીએ !
- ચાર્લી ચૅપ્લિન

## પ્રયાગ હિન્દી સાહિત્ય સંમેલનમાં નગરના લેખક સહભાગી બન્યા

ગાંધીનગર, તા. ૧૭
હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ દ્વારા ૬૯મો પરિસંવાદ તથા અધિવેશન શિલોંગ-પૂર્વોત્તર પર્વતીય વિશ્વવિદ્યાલય (નેહૂ) મેઘાલય ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં ભારતભરમાંથી વિદ્વાન કથા લેખકો ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનમાં ગાંધીનગરના હિન્દી-ગુજરાતી કવિ, લેખક તથા નશામુક્તિ અભિયાનના પ્રણેતા ગુલાબચંદ પટેલ ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, અમદાવાદના પ્રતિનિધિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જેમણે રાષ્ટ્રીય વિકાસ મેં હિન્દી સાહિત્ય કી ભૂમિકા વિષયે પોતાનો લેખ આ સંમેલનમાં પ્રસ્તુત કર્યો હતો. તેમનો આ લેખ આ સંમેલનમાં ખૂબ જ પ્રશસ્તિ પામ્યો હતો.

આ સંમેલનમાં ગુજરાતમાંથી ગુજરાત પ્રાંતિય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના મંત્રી નરેન્દ્રભાઈ જોષી, પ્રિયંકા, ભાનુભાઈ ત્રિવેદી, આશાબેન, પાર્વતીબેન, હિના શાહ, નટુભાઈ જાની તેમજ શારદા વિદ્યામંદિર, અમદાવાદના ચૅરમૅન સી વી બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ગુલાબચંદ પટેલે અગાઉ નાગપુર ખાતે 'શિક્ષા કા માધ્યમ માતૃભાષા' વિષય પર પોતાનો લેખ રજૂ કર્યો હતો. તેમણે મુંબઈ ખાતે પણ હિન્દી સંમેલનમાં ઉપસ્થિત રહી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું છે. ઉપરાંત ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના કેન્દ્રીય હિન્દી નિદેશાયલ દ્વારા આયોજિત હિન્દી વર્કશૉપમાં દાર્જીલીંગ, પુના, હરદ્વાર, કેરલ અને હેદરાબાદ ખાતે હાજરી આપી પ્રમાણપત્ર અને ટ્રૉફિ પ્રાપ્ત કરી છે.

# પોતાના ઉપર હસવા માટે બહુ મોટી હિંમત જોઈએ




૧૬, એપ્રિલ એટલે એક યાદગાર દિવસ. ચાર્લ્સ સ્પેન્સર એટલે કે, ચાર્લી ચેપ્લીનનો જન્મ દિવસ. જીવનમાં સુખ-દુઃખના જબરા ઉતાર ચઢાવ ચાર્લ્સ સ્પેન્સરે જોયા છે. ૧૮૯૯થી કલાની દુનિયામાં પ્રવેશ કર્યા બાદ આજપર્યંત પોતાના ઉપર હસીને વિશ્વ સમસ્તના કરોડો લોકોના મુખ ઉપર સ્મિત લાવવાનું ભગીરથ કામ આ વ્યક્તિએ કર્યું છે. એકટર, ડાયરેકટર, કમ્પોઝર, સ્ક્રીપ્ટ રાઈટર, પ્રોડ્યુસર, એડિટર, રાઈટર, સ્પીકર જેવી અનેક પ્રતિભાઓ આ સાડાચાર ફૂટના વામનના શરીરમાં ઈશ્વરે ઠાંસી ઠાંસીને ભરી હતી.

અત્યંત ગરીબ પરિવારમાં ઉછરેલા ચેપ્લીનને બાળપણમાં પિતાનો પ્યાર અને હૂંફ નસીબમાં ન હતા. માતા હાના હીલ લંડનના એક થિયેટરમાં સિંગર અને ડાન્સર હતાં. માતા હાના ગીતો ગાઈ અને નૃત્ય કરીને જે કમાતાં તેમાંથી સંસાર ચલાવતાં. પિતા ચાર્લ્સ સ્પેન્સર સિનિયર પણ અભિનય કરતા. પરંતુ એમને દારૂનું જબરજસ્ત વ્યસન. એમને પરિવારમાં કોઈ રસ નહોતો. એ તો બસ એમની દારૂની બાટલીને જ ચાહતા. હાના અને જુનિયર ચાર્લ્સને છોડીને તેઓ જતા રહ્યા. દારૂણ ભયાનક ગરીબી અને મુશ્કેલીઓનો બાળપણમાં સામનો કરતા ચાર્લ્સ સ્પેન્સર જુનિયરનો ઉછેર થયો. તેમના જીવનને જોતાં ૧૯૭૦માં આવેલી લોકપ્રિય ફિલ્મ મુકદ્દર કા સિકંદરના દુઃખ કો હસકે ગલે લગાલેવાળો પેલો પ્રસિદ્ધ ડાયલોગ યાદ આવી જાય.

૮૮ વર્ષના આયુષ્યમાં ચાર્લી ચેપ્લીને કલા જગતના કેટલાય શિખરો સર કર્યા. પરંતુ, આજે ચાર્લી ચેપ્લીનની ૧૨૬મી વર્ષગાંઠ નિમિત્તે ચેપ્લીનના કલા જગત ઉપરાંત એક લેખક, વિચારક અને વકતા તરીકે અભિવ્યક્ત કરેલાં તેમના વિચારોને મમળાવવા છે.

જીવનમાં હાસ્યનું મહત્ત્વ સુપેરે સમજતાં ચાર્લી હંમેશા કહેતાં કે, 'જ્યારે હસ્યા વગરનો દિવસ પસાર થાય છે, ત્યારે એમ માનવું જોઈએ કે ઈશ્વરે આપેલા આ મહાન જીવનમાંથી ૨૪ કલાકનો એક દિવસ બરબાદ થઈ ગયો.' કારમી ગરીબી ઝેલીને ઉછરેલા ચાર્લીએ વિચાર આપ્યો હતો કે, ' સુખ-સવલત અને વૈભવ ભોગવવાની કલ્પના જ મારા જીવનની સૌથી દુઃખદ બાબત છે.' જીવનની નક્કર વાસ્તવિકતાઓ સુપેરે સમજતાં તેમણે કહ્યું હતું કે, 'માણસ હંમેશા વિચારતો બહુ હોય છે પણ વિચારોના અમલીકરણ બાદ પરિણામની અનુભૂતિ બહુ ઓછી કરતો હોય છે. બાળપણથી જ નશામાં ધૂત પિતાને જોયેલા ચાર્લીએ વ્યસન અંગેના વિચારો અભિવ્યત કરતાં કહ્યું કે, 'કોઈપણ માણસ નશામાં હોય ત્યારે એનું અસલી ચરિત્ર સામે આવે છે.' જીવન વિશેનો એક અદભુત દ્રષ્ટિકોણ અભિવ્યક્ત કરતાં ચાર્લીએ લખ્યું છે કે, 'જિંદગીને નજીકથી જોવામાં એક આફત સમાયેલી છે, પણ જો જીવનને દૂરથી જોવામાં આવે તો એ 'કોમેડી' જેવુ લાગે છે.'

' એક આવારા, એક સજ્જન, એક કવિ, એક સપનાનો સોદાગર, એક એકલો અટૂલો માણસ હંમેશાં રોમાન્સ અને રોમાંચની કલ્પના લઈને જ બેઠો હોય છે. ' ચાર્લીનો આ વિચાર ફિલ્મોના ઘણા કિરદારમાં અદભુત રીતે અભિવ્યક્ત થયો છે. જીવનની સૌથી મોટી હિંમત વિશે બોલતાં એકવાર ચાર્લીએ કહ્યું હતુ કે, 'અસફળતાનું જીવનમાં કોઈ મહત્ત્વ નથી પરંતુ પોતાના ઉપર હસવા માટે માણસ પાસે બહુ મોટી હિંમતની આવશ્યકતા રહે છે.' ભગવાન માટે ચાર્લીએ એક જગ્યાએ લખ્યું છે કે, 'હું ઈશ્વર સાથે ખૂબ શાંતિથી અને આનંદમાં રહી શકુ છું. મારી લડાઈ તો હંમેશા માણસોની સાથે થતી રહી છે.'

એક જાહેર કાર્યક્રમમાં હાસ્ય સંદર્ભે ચાર્લીએ કહ્યું કે, 'હાસ્ય એક ટોનિક છે, રાહત છે, અને દર્દ રોકવા માટેની સર્વોત્તમ દવા છે.' પોતાના વિશે મૂલ્યાંકન કરતાં તેમણે એક વાત સ્પષ્ટ કહી હતી કે, 'હું માત્ર ને માત્ર એક જોકર છું અને આજ વાતે મને મોટા રાજકીય પદાધિકારીઓની તુલનામાં ખૂબ ઊંચા સ્થાન ઉપર પ્રસ્થાપિત કર્યો છે.'

એકલતા અંગે ખૂબ મનનીય અને અદભુત વિચાર અભિવ્યક્ત કરતાં ચાર્લ્સ સ્પેન્સર કહે છે કે 'જ્યારે લોકો તમને એકલાં છોડી દે છે ત્યારે તમારામાં તમારી જિંદગી વધુ રળિયામણી, સુંદર અને જીવવાલાયક બનાવી શકવાની તમન્ના જાગૃત થતી હોય છે.' સમય અંગે ચાર્લીએ કહ્યું છે કે, 'સાચા સમય પર ખોટું કામ કરવું એ જીવનની સૌથી મોટી વિડંબણાઓ પૈકીની એક છે.' માણસના મૂળતઃ સ્વભાવ માટે ચાર્લી કહેતાં કે, 'મનુષ્ય એક વ્યક્તિરૂપે ખૂબ પ્રતિભાશાળી હોય છે પણ જ્યારે એ ટોળામાં ભળે છે, ત્યારે નેતૃત્વહીન મહારાક્ષસ બની જાય છે અને એક એવો મહામૂર્ખ જાનવર બની જાય છે કે એને જ્યાં હંકારવામાં આવે ત્યાં પહોંચી જાય છે.'

પોતાના જીવનની સચ્ચાઈને કોઈપણ આવરણ વગર ચાર્લી ચેપ્લીને અભિવ્યક્ત કરતા કહ્યું છે કે 'હું માત્ર પૈસા કમાવાના આશયથી જ આ ફિલ્મો અને એકિંટગના ક્ષેત્રમાં આવ્યો છું અને પછી કલા મારી જિંદગીમાં આવી છે. મારી આ ટીપ્પણી જો કોઈને ન ગમે તો પણ હું તેમાં કાંઈ કરી શકું એમ નથી કારણ કે મારા જીવનની નક્કર વાસ્તવિકતા જ આ છે.' હૃદયના ઊંડાણ સુધી અસર કરી દે એવી ચાર્લી ચેપ્લીનની ટીપ્પણી જગમશહુર છે કે 'હું હંમેશા વરસાદમાં ફરવાનું એટલા માટે પસંદ કરું છું કે, મારા આંસુ કોઈ જોઈ ન શકે' અને એવો જ એક અસરકારક વિચાર એમણે અભિવ્યક્ત કર્યો છે કે, ' મારાં દર્દ કોઈના માટે હસવાનું કારણ બની શકે છે પણ મારું હસવાનું બીજા કોઈના દર્દનું કારણ બને એ મને હરગીઝ મંજૂર નથી.'

લગભગ નવ દાયકા સુધી વિશ્વના લોકોને નિર્મળ હાસ્યથી ભીંજવી દેનાર બ્રિટીશ કલાકાર ચાર્લ્સ સ્પેન્સર ચેપ્લીન અંગત જીવનમાં સામાજિક, આર્થિક, શૈક્ષણિક તમામ પ્રકારના મસમોટા દુઃખો સહન કરીને પણ જગ આખાને જીવ્યા ત્યાં સુધી હસાવતા રહ્યા. સાચો અને મજબૂત માનવી તો એ જ છે કે જે સમય વર્તે સાવધાન હોય. યોગ્ય સમયે, યોગ્ય રીતે, યોગ્ય ક્ષેત્રમાં આગળ વધે. જો કે એક ફિલોસોફી એવી પણ છે કે, સફળ થયા પછી સફળ વ્યક્તિની દરેક વાત સાચી, સારી અને ઊંચી લાગે. ચાર્લીના એમની બાજી એ જીત્યા એમને ઈશ્વરે આપેલા નબળા પત્તાથી. આર્થિક ઉપાર્જન માટે કલાની દુનિયામાં આવ્યા પણ સંપૂર્ણ રીતે કલાની દુનિયાને પચાવી અને એક આદર્શ વ્યક્તિ બનીને એમનું વ્યક્તિત્વ નીખરી આવ્યું. જીવનના તમામ દુઃખોને મક્કમતાપૂર્વક પોતાની સમજથી પાછા ઠેલ્યાં. પાખંડ અને દેખાવ સાઈડ પર રાખીને જિંદગીની વરવી વાસ્તવિકતાને વિચારોમાં રજૂ કરવાની ચાર્લીની તાકાતને દુનિયા આખીએ એક અવાજે વખાણી. ચાર્લી ચેપ્લીનના ૧૨૬મા જન્મદિને ચાર્લ્સ સ્પેન્સર ચેપ્લીનના વિચારોને દિલથી સલામ.

**ધબકાર**

જ્યારે દુઃખ અને કડવાં વેણ મીઠાં લાગવા માંડે ત્યારે જીવન જીવતાં સરસ રીતે ફાવી ગયું એમ માનવું.



ભારતના હૈદરાબાદ સહિત ચેકોસ્લોવકીયા, પોલેન્ડ, આયરલેન્ડ, લંડન, બાર્સેલોના, ઈટાલી વગેરે આખા વિશ્વના મોટા મોટા શહેરોમાં ચાર્લી ચેપ્લીનની યાદગીરી અને એમને આદરાંજલી આપવા માટે 'સ્ટેચ્યુ' મૂકવામાં આવ્યાં છે. દુનિયાના કોઈપણ રાજદ્વારી નેતાને મળ્યું હોય એના કરતાં વિષેશ એક કલાકાર અને એક વિચારકને વિશ્વમાં મળતું આ સર્વશ્રેષ્ઠ સન્માન હશે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**